ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ
નિગમને વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ.૫૦.૦૦ લાખની
વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંકઃવવજ-૧૦૨૦૧૭-૮૪૫-અ.૧
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-30/૧૦/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૧-૪-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૧-૫-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ વવજ/૧૦૨૦૧૭/૮૪૫/અ.૧

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૦-૭-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ વવજ/૧૦૨૦૧૭/૮૪૫/અ.૧

(૪) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો તા.૨૮-૦૯-૨૦૧૮નો પત્રક્રમાંકઃગુ.વિ.વિ.વિ.નિ./વહી.ગ્રાન્ટ/૨૦૧૮-૧૯/૪૨૩૨

ઠ રા વઃ-

વંચાણ હેઠળના ક્રમાંકઃ (૧) સામે દર્શાવેલ વિભાગનાં તા. ૧૧-૦૪-૨૦૧૮ ના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે કચેરીના વહીવટી ખર્ચ માટે રૂ.૫૦.૦૦ લાખની( અંકે રુપિયા પચાસ લાખ પુરા) વહીવટી ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે વંચાણ હેઠળના ક્રમાંકઃ (૨) તથા (3) પરના અનુક્રમે તા.૧૧/૦૫/૨૦૧૮ તથા ૨૦-૦૭-૨૦૧૮ના વિભાગના ઠરાવથી ૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી પ્રથમ તથા બીજા હપ્તા પેટે કુલ ગ્રાન્ટના ત્રીજા ભાગની ગ્રાન્ટ એટલે કે રૂ.૧૬.૬૬ લાખ (રૂપિયા સોળ લાખ છાસઠ હજાર પુરા) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણ હેઠળના ક્રમાંક વંચાણ હેઠળના ક્રમાંકઃ (૪) પરના તા.૨૮/૦૯/૨૦૧૮ના મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના પત્રથી વહીવટી ગ્રાન્ટના ત્રીજા હપ્તા પેટે કુલ ગ્રાન્ટના ત્રીજા ભાગની ગ્રાન્ટ એટલે કે રૂ.૧૬.૬૮ લાખ (રૂપિયા સોળ લાખ અડસઠ હજાર પૂરા)ની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મુકવાની મંજૂરી આપવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે કુલ રૂ.૫૦.૦૦ લાખની વહીવટી ફાળાની ગ્રાન્ટમાંથી ત્રીજા એટલે કે છેલ્લા હપ્તા પેટે કુલ ગ્રાન્ટના ત્રીજા ભાગની ગ્રાન્ટ એટલે કે રૂ.૧૬.૬૮ લાખ(રૂપિયા સોળ લાખ અડસઠ હજાર પુરા) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

૨. સને ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૩. નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૪. નાંણાકીય ઔચિત્યના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૫. હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

૬. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર: ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદર:૧૦૧ વિમુક્ત અને અન્ય અસ્થાયી જાતિઓનું કલ્યાણ, પેટા સદર:૨૦ ડીએનટી-૮ ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમ હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્રસચિવશ્રી(સા.ન્યા) ની તા.૨૬-૧૦-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ. એમ. ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ.